ઓક્ટોબર-૨૦૨૩

# પેન્શનર્સ પ્રકાશ

## દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ

દિવાળીના આ તહેવારે સુખ, સંપત્તિ, આયુષ્ય, સલામતી, સૌભાગ્ય, સમૃદ્ધિ અને સદ્‌ભાવનાની જ્યોત આપના જીવનમાં ઝગમગતી રહે અને આપનો પરિવાર સંપૂર્ણ વૈભવથી આનંદમાં રહે એવી શુભેચ્છા.

આ શુભ દિવાળી પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ

અંતરના કોડિયાને સ્નેહથી દિપાવજો, હૈયે હરખના તોરણ સજાવજો, આંગણે આવી છે દિવાળી, દિલથી મનાવજો.
નવા વર્ષના આપ સૌને વંદન, ડગલેને પગલે આપને મળે ખુશી અને ચંદન,
પ્રભુ તણા સ્પર્શનું આપના જીવનમાં રહે સ્પંદન, આપને તથા આપના પરિવારને નૂતન વર્ષાભિનંદન
ઈશ્વર આપને અને આપના પરિવારને સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય અને તંદુરસ્તી આપે એવી શુભકામનાઓ સાથે નવું આવનારૂં વર્ષ આપના માટે ખૂબ ખૂબ લાભદાયી રહે એવી શુભેચ્છા

Dear Friends,

The weather is slowly changing. While the daytime is still quite hot, at times even humid too, the early morning is quite pleasant. More number of morning walkers and joggers can be seen indicating that the season for good health is setting in! Indications that we are slowly moving towards onset of winter. But before winter, how can we forget the season of "Shardotsav" – Navaratri. People fond of Garba have already started step dance and those who celebrate these days to propitiate the Mother Godess, are also preparing for their fasts and prayers. An atmosphere of gaiety is all around. These celebrations commenced from the Janmashtami will last until we end the year 2023 by celebrating Christmas and wishing each other a very happy new year. Diwali celebrations are also in the air. India is a country rich in cultural heritage where people celebrate daily life by being content and helping each other by sharing and caring. Economic status, social status or even religious beliefs do not come in the way of these celebrations. These festivals are all inclusive and is reflective of the common fabric that binds all the citizens of this country. While all of us – pensioners – are bound with this fabric, there is a common dye in which this fabric is coloured which is SBI – blue dye! This fabric and dye keep us glued to one another. As mentioned by me earlier in my editorial, retirement is a great leveller and irrespective of one's position in the Management or in the Union or Association, we enjoy only one great status of being a SBI Senior Pensioner Citizens. This status gives us special privileges in the form of additional interest (in fact double benefits Senior Citizen interest benefit plus staff interest benefit), we are still part of welfare activities in some form or the other and also the Bank takes good care of our health related matters in very special ways. The unity with which we have bonded together has resulted in these benefits having been accrued to us.

On the occasion of this approaching festive season, let us all redeem ourselves to maintain our unity in diversity as a single organisation SBI Pensioners Association of this great Ahmedabad Circle and revel ourselves in celebrating the festivities. The unity will spur our organisation into not only achieving more for the benefits of the members but also to go beyond and help the members of that section of the society who are less fortunate and need our empathy and succour in equal measure. The executive committee of SBI Pensioners Association is well blended with representations from all the categories of staff including representations from ladies (Stree Shakti indicating women empowerment). We are committed fully to ourresponsibility of discharging the functions expected of us by the members. We are reaching out, with this purpose in mind, to the members in the farthest corner of the jurisdiction of Ahmedabad Circle. We are sure, our members have seen the results in the short span of time that the new Committee has taken over for serving the organisation and it's membership. We are committed to increase the level of outreach to the members. Members are free to send in their suggestions/grievance through their respective district representatives. Such measures on the part of the members will give vent to their feelings and give us an opportunity to serve better. That is what unity means. Pensioners Unity Zindabad! Long live SBI and our Pensioners' Association.

We take this opportunity to wish all our members and their family a very happy Diwali followed by New Year (Vikram Samvat) Let's celebrate these festivals with humble attitude of caring and sharing.


| | |
|---|---|
| વર્ષ-૧૬ ● અંક : ૧૦<br>પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-<br>વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/- | પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન<br>એસબીઆઈ ઝોનલ ઓફિસ,ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ |

પ્રિય મિત્રો,

વાતાવરણ ધીમે ધીમે બદલાઈ રહ્યું છે. દિવસનું વાતાવરણ હજું પણ ગરમ હોય છે, કેટલીક વાર તો ભેજવાળું પણ હોય છે, પરંતુ પરોઢ ખૂબ જ આહ્લાદક હોય છે. મોર્નિંગ વોકર્સ અને જોગર્સ વધુ સંખ્યામાં જોઈ શકાય છે. જે દર્શાવે છે કે સારા સ્વાસ્થ્યની મોસમ શરૂ થઈ રહી છે! સવારની શીતળતા એ સંકેત આપે છે કે આપણે ધીમે ધીમે શિયાળાની શરૂઆત તરફ આગળ વધી રહ્યાં છીએ. પરંતુ શિયાળાના આગમન પહેલાં, આપણે 'શરદોત્સવ'-નવરાત્રીના પર્વને કેવી રીતે ભૂલી શકીએ! હાલમાં નવરાત્રીપર્વ ચાલી રહ્યું છે. ગરબાના શોખીન લોકો સ્ટેપ ડાન્સમાં ગરબે ઝુમી રહ્યાં છે. જગતજનની મા ભગવતીને પ્રસંન્ન કરવા માટે આરાધના/અનુષ્ટાન વિગેરે કરે છે. માં ભગવતીની અસીમકૃપા મેળવવા ઉપવાસ અને પ્રાર્થના કરે છે. આમ ચારે તરફ ઉલ્લાસ, ભક્તિ અને શક્તિની આરાધનાનું પર્વ છે. જન્માષ્ટમીથી શરૂ થઈ થયેલી આ ઉત્સવોની ઉજવણીઓ દિવાળી અને ક્રિસમસની ઉજવણી કરીને અને એક બીજાને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવશે. ભારત એ સાંસ્કૃતિક વારસાથી અને વિવિધતા અને એકતાસભર સમૃદ્ધ દેશ છે. જ્યાં લોકો સંતોષ અને હળીમળી પરસ્પરની કાળજી લઈને એકબીજાને મદદ કરીને દરેક તહેવારોની ઉજવણી કરે છે. આર્થિક સ્થિતિ, સામાજિક દરજ્જો અથવા તો ધાર્મિક માન્યતાઓ પણ આ ઉજવણીના માર્ગમાં અવરોધક બનતી નથી. તમામ ધર્મના લોકો એકબીજા સાથે મળીને તહેવારોની ઉજવણી કરે છે. આપણા દેશના તમામ નાગરિકોને એક તાંતણે (ફેબ્રીક) બાંધે છે. આપણે બધા - પેન્શનરો પણ આજ તાંતણેથી બંધાયેલા છીએ, પણ અહીં તેમાં વિશેષ રંગ છે જે એસબીઆઈ - વાદળી (બ્લ્યુ) રંગ છે! આ ફેબ્રીક અને 'ડાઈ' આપણને એકબીજા સાથે જોડાયેલા રાખે છે. અગાઉના મારા તંત્રી લેખમાં મેં ઉલ્લેખ કર્યો હતો તેમ, નિવૃત્તિ એ એક પ્રક્રિયા છે અને મેનેજમેન્ટ, યુનિયન અથવા એસોસીએશનના કોઈ પણ પદ/સ્થાનને ધ્યાનમાં લીધા વિના આપણે એસબીઆઈના વરિષ્ઠ પેન્શનર નાગરિક તરીકે માત્ર એકસમાન દરજ્જો પ્રાપ્ત કરીએ છીએ. આ દરજ્જો આપણને વિશેષાધિકારો પણ આપે છે. બેંક ડિપોઝીટ પર વધારાના વ્યાજના રૂપમાં (હકીકતમાં બેવડા લાભ વરિષ્ઠ નાગરિક, વ્યાજ લાભ + સ્ટાફના વ્યાજનો લાભ) તથા આપણે હજું પણ કોઈને કોઈ સ્વરૂપે બેંકની કલ્યાણકારી પ્રવૃત્તિના લાભાન્વિત છીએ અને બેંક આપણાં સ્વાસ્થ્ય સંબંધિત બાબતોની ખૂબ જ વિશેષ રીતે કાળજી લે છે. આપણે સૌ જે **એકતા અને એક સૂત્રતા** સાથે જોડાયેલા છીએ. તેના પરિણામે આ લાભો આપણે મેળવી રહ્યાં છીએ.

તહેવારોની મોસમના અવસર પર ચાલો આપણે સૌ આ મહાન અમદાવાદ સર્કલના એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના સભ્ય તરીકે વિવિધતામાં આપણી **એકતા** જાળવવા આપણી જાતને ઉજાગર કરી તહેવારોની ઉજવણીનો આનંદ માણીએ. **એકતા** આપણી સંસ્થાને માત્ર સભ્યોના લાભો માટે વધુ હાંસલ કરવા માટે નહીં પરંતુ સમાજના જે તે વર્ગના સભ્યોને મદદ કરવા માટે પણ પ્રોત્સાહિત કરશે. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની કાર્યકારી સમિતિ દરેક વર્ગના કર્મચારીના પ્રતિનિધિત્વ સાથે મહિલાઓનું પણ પ્રતિનિધિત્વ (સ્ત્રી શક્તિ મહિલા સશક્તિકરણનો સંકેત આપતી)ને પણ મહત્વ આપે છે. અમે સભ્યોના અપેક્ષિત કાર્યોને નિભાવવાની અમારી જવાબદારી માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. અમે આ હેતુને ધ્યાનમાં રાખીને અમદાવાદ સર્કલના સૌથી દૂરના ખૂણામાં આવેલા સભ્યો સુધી પહોંચી રહ્યાં છીએ. અમને ખાતરી છે કે અમારા સભ્યોએ ટૂંકાગાળામાં જ પરિણામો જોયા છે કે નવી ટીમે સંસ્થાની સેવા કરવા માટે જ સુકાન સંભાળ્યું છે. અમે સભ્યો સુધી પહોંચવા માટે પ્રતિબદ્ધ છીએ. સભ્યો તેમના જિલ્લા પ્રતિનિધિઓ દ્વારા તેમના સુચનો/ફરિયાદ અમને મોકલી શકે છે. સભ્યો તરફથી આવતા સુચનો તેમની લાગણીઓને અનુમોદન આપવામાં આવશે અને અમને વધુ સારી સેવા કરવાની તક આપશે. **એકતાનો** અર્થ એ છે કે - એસબીઆઈ પેન્શનર્સ યુનિટી ઝિંદાબાદ!

એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના તમામ પદાધિકારીઓ બધા જ સભ્યો અને તેમના પરિવારને દિવાળી તેમજ નવ વર્ષ (વિક્રમ સંવત)ની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે, ચાલો આપણે તહેવારોની ઉજવણી એકબીજા પ્રત્યે સદ્ભાવના તેમજ નમ્રતાપૂર્વક કરીએ.

**સંપાદક : કમાલ કાદરી**


**10 Year SIP PERFORMANCE (SIP@10,000/- Month)**

| Scheme Name | Investment Value | Current Value | Return (%CAGR) |
|---|---|---|---|
| SBI Small Cap Fund | 12,00,000 | 42,33,416 | 24.14% |
| SBI Magnum MidCap Fund | 12,00,000 | 31,35,608 | 18.52% |
| SBI Contra Fund | 12,00,000 | 28,12,425 | 16.48% |
| SBI Large & Midcap Fund | 12,00,000 | 27,78,733 | 16.25% |
| SBI Magnum Global Fund | 12,00,000 | 26,52,377 | 15.37% |
| SBI Magnum Children Fund | | | |
| Invt Dt. 29/09/2020 | 1,00,000 | 2,42,000 | 48.91% |

**AMARISH R SHAH (SBI RETIRED EMPLOYEE)**
**POOJA INVESTMENT & FINANCIAL CONSULTANCY**
G/22,HEMKOOT BLDG.,NR. GANDHIGRAM RLY STATION, ASHRAM ROAD, AHD - 9.
(P) 079 - 26581394 (M) 9327008653 , 9978908869.
Contact for Mutual Funds, Company FDs, Capital Gain Bonds, Term Insurance & Medicalim.

*MUTUAL FUND INVESTMENT IS SUBJECT TO MARKET RISK.PLEASE READ OFFER DOCUMENT BEFORE INVESTING.

## Mediclaim અને TATA 1MG's ના પ્રશ્નોની મિટીંગ

તા. ૧૦ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ LHO ખાતે આપણા પેન્શનર્સ ભાઈઓ-બહેનોને Mediclaim અને TATA 1MG's ને લગતી રોજબરોજ પડતી મુશ્કેલીઓ બાબતે રજૂઆત કરવા આપણા DGM & CDO, CM HR અને દરેક એડમીન ઓફિસન CM HR તેમજ Raksha TPA ના ડો. રાઘવેન્દ્રસિંગ-વડોદરા, અને Anand Rathi ના ઉચ્ચ અધિકારીઓ ડો. નિતીન કાંગને, શ્રી શેખર શર્મા, શ્રી પ્રદોસ દેબનાથ, શ્રી કૃપાલ ભટ્ટ સાથે સર્કલ લેવલની એક મિટીંગનું આયોજન કરવામાં આવેલ.

જેમાં આપણા પેન્શનર્સ એસોસિએશન તરફથી આપણા પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી સુભાષભાઈ પટેલ, જો. જનરલ સેક્રેટરી સર્વશ્રી કાંતિભાઈ પરમાર, રમણભાઈ વાઘલા, ટ્રેઝરર શ્રી રવી સોલંકી, શ્રી અંબરીશ હાથી તેમજ અમદાવાદ સર્કલનાં તમામ મોડ્યુલના ડે. જનરલ સેક્રેટરીઓ પણ જોડાયા હતા.

આ મિટીંગમાં આપણા પ્રેસિડેન્ટ-જનરલ સેક્રેટરી અને તમામ મોડ્યુલના ડે. જનરલ સેક્રેટરીઓએ પોતપોતાના મોડ્યુલમાં ઉપરોક્ત વિષય બાબતે પેન્શનર્સને પડતી મુશ્કેલીઓ અંગે ધારદાર રજૂઆત કરી હતી. જેમાં ખાસ કરીને....

- Mediclaim માં કપાત બાબત
- કેસલેશ Final settlement માં થતા વિલંબ બાબતે
- Cashless માટે વધુ હોસ્પિટલ ઉમેરવા બાબતે
- TATA 1MG's ની સેવામાં જે ઉણપો છે તે દૂર કરવા બાબતે રજુઆતો કરવામાં આવી.


બહું સકારાત્મક વાતાવરણમાં યોજાયેલ આ મિટીંગમાં આપણા અમદાવાદ સર્કલના CDOનો result oriented ઘણો સુંદર પ્રતિભાવ હતો.

તદ્દુપરાંત Raksha TPA અને Anand Rathi ના અધિકારીઓ દ્વારા પણ આપણા પ્રશ્નોના ત્વરિત સમાધાન કરવાની ખાત્રી આપી હતી અને તે અંગે તેઓ દર અઠવાડિયે સમીક્ષા કરવા પણ સંમત થયા હતા.

### શ્રદ્ધાંજલિ



એસબીઆઈ એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીના પૂર્વ પ્રેસિડેન્ટ અને એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના પૂર્વ ટ્રેઝરર શ્રી રાજેશ ડી. મહેતા તા. ૩૦-૦૯-૨૦૨૩ના રોજ દેવલોક પામ્યા છે. તેઓ સરળ, નિખાલસ, સેવાભાવી સ્વભાવના હતા. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દિવંગત આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.



### પ્રભુશરણ

| પી.એફ.નં. | નામ | સેન્ટર | મોબાઈલ |
|---|---|---|---|
| ૫૧૯૪૪૬૬ | હરગોવિંદભાઈ ગણેશભાઈ પટેલ (સ્વ. ૧૪-૧૦-૨૦૨૩) | ધ્રાંગધ્રા | ૯૯૨૫૮૭૦૬૭૪ |
| ૧૭૨૮૫૨૦ | જશવંતભાઈ રાઠોડ (સ્વ. ૦૨-૦૯-૨૦૨૩) (પ્રભાવતી જે. રાઠોડના પતિ) | નવસારી | ૯૪૦૯૪૧૮૬૮૪ |
| ૩૧૪૪૫૫ | બખ્તાવર નોસીર બચા (સ્વ. ૧૩-૦૯-૨૦૨૩) | નવસારી | ૯૯૨૫૧૪૨૮૨૧ |
| ૧૭૩૦૧૧૨ | રાજેશ ડી. મહેતા (સ્વ. ૩૦-૦૯-૨૦૨૩) | અમદાવાદ | ૯૯૯૮૧૦૦૦૦૩ |
| ૫૧૮૬૫૫૨ | મફતલાલ બી. ડોડીયા (સ્વ. ૨૬-૮-૨૦૨૩) | ભાવનગર | ૯૮૯૮૭૨૭૩૨૧ |
| ૨૮૮૦૧૦૫ | દિનેશ સી. સરવૈયા (સ્વ. ૨૯-૮-૨૦૨૩) | અમરેલી | ૯૪૨૮૦૪૦૯૦૫ |
| ૫૧૮૩૬૫૦ | જગદીશચંદ્ર એલ. મહેતા (સ્વ. ૦૫-૧૦-૨૦૨૩) | ભાવનગર | ૯૮૨૫૨૧૮૪૨૧ |
| ૫૧૭૨૨૮૪ | પી. એમ. શ્રીમાળી (સ્વ. ૪-૧૦-૨૦૨૩) | અમદાવાદ | ૯૪૨૭૫૫૮૮૬૪ |
| ૭૧૪૪૯૬ | કે. સી. ત્રિવેદી (સ્વ. ૨૫-૦૯-૨૦૨૩) | અમદાવાદ | ૯૮૨૫૨૫૯૮૩૪ |
| ૮૨૭૯૨૮૪ | પ્રદિપકુમાર અનંતરાય ભટ્ટ (સ્વ. ૯-૯-૨૦૨૩) | ભાવનગર | ૯૯૯૮૮૫૩૫૮૮ |

પ્રભુ સર્વે સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# PHOENIX HOSPITAL, NARODA




**55** Beds Multispeciality Hospital

**24** Beds Multidisciplinary Critical Care Unit

**MODULAR & GENERAL** Operation Theatre

**SPECIAL & SEMI-SPECIAL** Rooms

**ALL SPECIALISTS** Available

**CASHLESS FACILITY AVAILABLE**

SBI general | STAR Health Insurance

GIPSA PPN NETWORK: National Insurance | New India Assurance | Oriental Insurance | United India Insurance

**873 4900 444 | 873 4800 444**

EMERGENCY એટલે PHOENIX HOSPITAL

PHOENIX HOSPITAL, NARODA, AHMEDABAD (GUJARAT)

2nd & 3rd Floor, 239-252 and 323-325, City Center Arcade, Near SRP Campus, Naroda Patiya Highway, Krishnanagar, Naroda, Ahmedabad, Gujarat - 382 330.



*With Best Compliments*

*from*

## Dr. Manjit Sing Bhalla

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**




જ્ઞાની માણસોનું કામ પોતાના દોષ શોધી કાઢવાનું છે


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
દર ગુરુવારે
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
( અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત )
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• CATARACT
• GLAUCOMA
• LASIK
• RETINA
• CORNEA
• OCCULOPLASTY
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ
ડૉ. શ્યામલ રાવલ
ડૉ. આંશી રાઠોડ
સમય : સવારે 9.00 થી 12.00,
બપોરે 3.00 થી સાંજે 6.30 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન : ૯૮૨૪૦૮૬૬૧૧
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com



## ઉમદા માનવ સેવા

પેન્શનર **જ્યોતીન્દ્ર કે. આર્યએ** તેમના અંતિમ ૧૬૮મું રક્તદાન તા. ૨૪-૦૯-૨૦૨૩ના રોજ તેમના ૬૬માં જન્મદિવસે સિવિલ હોસ્પિટલ દ્વારા કાંકરીયા ખાતે આયોજિત કેમ્પમાં કર્યું. સાથે સાથે આપણી બેંકના પેન્શનર શ્રી સ્મિતેશ શાહ, પેન્શનરશ્રી અરવિંદ જી. સોલંકીના પુત્ર વૈભવ એ. સોલંકી અને જે. કે. આર્યના ગુરૂમિત્ર કુ. વિમલ કે. શેટે પણ તેમની સાથે રક્તદાનમાં જોડાયા. આ સમયે બેંકના છ પેન્શનર મિત્રોએ પણ હાજર રહી શ્રી આર્યને પ્રોત્સાહન આપ્યું.



## વિશિષ્ઠ સન્માન

દિકરાનું ઘર વૃદ્ધાશ્રમ અને વિવેકાનંદ યુથ કલબના માધ્યમથી ચાર દાયકાથી વધુ સમયથી કરવામાં આવી રહેલ સેવાપ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને, ૨જી ઓક્ટોબરે ગાંધી જયંતિના પવિત્ર દિવસે યોજાયેલ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી આનંદકુમાર પટેલના હસ્તે આપણા પેન્શનર્સ પરિવાર રાજકોટ યુનિટના અમૂલ્ય રત્ન એવા શ્રી અનુપમભાઈ દોશીનું સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે મેયર શ્રીમતી નયનાબેન પેઢડિયા, ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, દંડક મનીષભાઈ રાડીયા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન શ્રી અનુપમભાઈ દોશીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## સ્વચ્છતા અભિયાન





સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા-અમદાવાદ ઝોનલ ઓફિસ દ્વારા તા. ૦૨-૧૦-૨૦૨૩ના રોજ ગાંધી જયંતિના દિવસે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ. પેન્શનર્સ એસોસીએશને પણ સ્વચ્છતા અભિયાનમાં ભાગ લઈ બેન્કના આયોજનમાં સહયોગ આપ્યો હતો. પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીના સહયોગથી સર્વશ્રી રવી સોલંકી, એ. કે. બથવાર, હિમાંશુ શાહ, રાજુ શાહ, કે. એન. મહેતા, અમરીશ હાથી, રેખાબેન નિખારે વગેરેએ રાષ્ટ્ર હિતના કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

## ૧૦૦% ડી.એ. ન્યુટ્રીલાઈઝેશનને સરકારશ્રીની મંજુરી

યુએફબીયુના આઈબીએ સાથેના તા. ૨૮-૭-૨૦૨૩ના રોજ થયેલ એમઓયુના અનુસંધાને ૧લી નવેમ્બર-૨૦૦૨ પહેલાંના તમામ પેન્શનરો અને ફેમિલી પેન્શનરોને ૧૦૦% ડી.એ. ન્યુટ્રીલાઈઝેશનને સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવ્યું.

### For all pensioners and family pensioners relating to period prior to 1st November, 2002

DA rates will be on uniform basis of 100% neutralization as in the case of employees/ officers/ pensioners/ family pensioners of period on and from 1st November, 2002 as provided hereinbelow - For those pensioners/family pensioners of period 1-1-1986 to 31-10-1992/30-6-1993, DA shall be at the uniform rate of 0.67% per slab over 600 points. - For those pensioners/family pensioners of period 1-11-1992/1-7-1993 to 31-3-1998, DA shall be at the uniform rate of 0.35% per slab over 1148 points. - For those pensioners/family pensioners of period 1-4-1998 to 31-10-2002, DA shall be at the uniform rate of 0.24% per slab over 1684 points.

| | |
|---|---|
| For Pensioners/Family Pensioners of the period from 01.01.1986 to 31.10.1992/ 30.06.1993 - For Basic Pension/Family Pension upto Rs. 1250/- - For Basic Pension/Family Pension from Rs. 1251/- and upto Rs. 2000/- | Ex gratia of Rs. 800/- per month<br>Ex gratia of Rs. 450/- per month |
| For Pensioners/Family Pensioners of the period from 01.11.1992/01.07.1993 to 31.03.1998 - For Basic Pension/Family Pension upto Rs. 2400/- - For Basic Pension/Family Pension from Rs. 2401/- and upto Rs. 3850/- | Ex gratia of Rs. 800/- per month<br>Ex gratia of Rs. 450/- per month |
| For Pensioners/Family Pensioners of the period from 01.04.1998 to 31.10.2002 - For Basic Pension/Family Pension upto Rs. 3550/- - For Basic Pension/Family Pension from Rs. 3551/- and upto Rs. 5650/Ex gratia of | Rs. 800/- per month<br>Ex gratia of Rs. 450/- per month |

We are glad to inform that upon reference to the Government, the Dept. of Financial Service, Ministry of Finance has given its approval to implement the above benefit with effect from 1st October, 2023.

We are happy that **this would benefit about 1,80,000 pensioners** who retired from the Banks including from SBI prior to 1-11-2002.

## હોસ્પિટલમાં એડમિટ થતા પહેલાની જરૂરી સુચના

આપની પોલિસી અનુસારના આધારે હોસ્પિટલના રૂમ ચાર્જીસની લિમિટ આપણે **સ્વસ્થ હોઈએ** ત્યારે વ્યવસ્થિત અભ્યાસ કરી લેવો જરૂરી છે, જેથી માંદગીના સમયે અચાનક હોસ્પિટલ જવાનું થાય ત્યારે રૂમ ચાર્જીસની માહિતી આપણા ખ્યાલમાં હોવી જોઈએ. જો રૂમ ચાર્જીસની લિમિટ કરતાં વધુ રકમનો રૂમ રાખીએ તો તે તફાવતની રકમ પેન્શનરે ભોગવવી પડે છે. વળી, વધુ રકમનો રૂમ રાખવાથી તેને અનુસાર ઓપરેશન ચાર્જીસ, ડોક્ટર વિઝિટ ફી, નર્સીંગ ચાર્જ તથા અન્ય લાગુ પડતા ચાર્જીસ વધી જાય છે. આમ વગર કારણે નાણાંકિય નુકસાન ભોગવવું પડે છે. જેની નોંધ લેવી. સાથે સાથે રોગ પ્રમાણેની જે લિમિટ છે તેનો પણ અભ્યાસ કરી લેવા નમ્ર અપીલ છે.

હોસ્પિટલમાં એડમિટ થાવ ત્યારે સૌ પ્રથમ અગત્યતા પોતાની/સ્પાઉસની મેડીકલ ટ્રીટમેન્ટને આપવી જરૂરી છે. ત્યાર બાદ રક્ષા ટીપીએના મેનેજરને જાણ કરી દેવી. જો આપણી પાસે સમય ન હોય તો આપણા સગાને મેઈલ કરવા જણાવવું. જો પ્લાન ઓપરેશન હોય તો રક્ષા ટીપીએને પહેલેથી જાણ કરવી હિતાવહ છે.

**(1) cashlessbaroda@rakshatpa.com**
**(2) cashlessahmedabad@rakshatpa.com**
**(3) intimationahmedabad@rakshatpa.com**
**(4) crcm@rakshatpa.com**

હોસ્પિટલમાંથી રજા આપ્યા પછી ૩૦ દિવસની અંદર બીલ મુકી દેવું અને પોસ્ટ હોસ્પિટલાઈઝેશન માટે અલગથી બીલ મુકવું. (રિએમ્બર્સમેન્ટ હોસ્પીટલાઈઝેશન પછી ૯૦ દિવસ સુધી મુકવાનું હોય છે પરંતુ બને તો છેલ્લા સમય સુધી રાહ ન જોવી.)

મેઈલ મોકલવાના સમયે ચાલુ સમયના ઈન્સ્યોરન્સ કાર્ડની કોપી (દર્દીનું કાર્ડ) જોડવું.

**1. Name of Hospital 2. Date of Hospitalisation 3. Name of Patient 4. Cause of Hiospitalisation 5. P. F. No.**

ઉપરની વિગતો સાથે મેઈલ કરવો.

વધુ વિગત માટે નીચે આપેલા નંબર ઉપર ફોન કરવો.

**૧) અમદાવાદ (કોમલ તેહારીયા) : ૭૨૨૮૯ ૩૦૪૩૮**
**૨) ગાંધીનગર (હિમાની પંડ્યા) : ૭૨૨૮૯ ૩૦૪૩૯**
**૩) ભાવનગર (નરેશ ભોજ) : ૭૨૨૮૯ ૩૦૪૩૪**
**૪) સુરત (નિરૂપમા) : ૭૨૨૮૯ ૩૦૪૩૬**
**૫) વડોદરા (હર્ષ બ્રહ્મભટ્ટ) : ૭૨૨૮૯ ૩૦૪૩૭**
**૬) રાજકોટ (વિપુલા નાનગ્રેહ) : ૭૨૨૮૯ ૩૦૪૩૫**

# પેન્શનર્સ એસોસીએશનની કારોબારી કમિટીની મિટીંગ વડોદરા ખાતે યોજાઈ ગઈ









એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની કારોબારી કમિટીની મિટીંગ તા. ૨૪-૦૯-૨૦૨૩ના રોજ સ્ટેટ બેન્ક લર્નીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર, વડોદરા ખાતે વિવિધ એજન્ડા મુજબ યોજાઈ. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએનના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી દ્વારા તમામ હોદ્દેદારો અને કમિટી મેમ્બર તથા આમંત્રીત મહેમાનો એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના પૂર્વ પ્રેસીડેન્ટ શ્રી ભરતસિંહ ચૌહાણ તેમજ શ્રી સુભાષભાઈ શાહ વગેરેનું સ્વાગત કરીને એજન્ડા પ્રમાણે કાર્યવાહી શરૂ કરેલ.








તા. ૧૨-૦૩-૨૦૨૩ના રોજ મળેલી કારોબારી કમિટીની મિટીંગ બાદ દિવંગત થયેલા આત્માની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. તા. ૨૪-૦૯-૨૦૨૨, તા. ૧૨-૦૩-૨૦૨૩ના રોજ મળેલી કારોબારી કમિટી તથા તા. ૨૪-૦૬-૨૦૨૩ની વાર્ષિક સાધારણ સભાની મિનિટ્સને બહાલી આપવામાં આવી. પેન્શનર્સ એસોસીએશનના ટ્રેઝરરશ્રી રવિ સોલંકી દ્વારા તા. ૧-૦૪-૨૦૨૩થી ૨૪-૦૯-૨૦૨૩ સુધીના હિસાબોની રજુઆત કરી. જેને હાઉસ દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

સોસીયલ સર્વીસ વીંગના નેજા હેઠળ સામાજિક સેવા ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ અને અમદાવાદ એડમિન ઓફિસ દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તિ અને ખર્ચ વિશેની મંજુરીની ચર્ચા કરી બહાલી આપવામાં આવી.

આ મિટીંગમાં તમામ હોદ્દેદારોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. જનરલ સેક્રેટરી દ્વારા ફેડરેશન લેવલે તથા સર્કલ લેવલે થયેલ






















કામગીરીની વિસ્તૃત માહિતી આપી અને પડતર પ્રશ્નોના ઝડપી નિકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી. આ સાથે જનરલ સેક્રેટરીએ રિપોર્ટ રજૂ કરીને બહાલી મેળવી. મિટીંગના અંતે આસીસ્ટંટ ટ્રેઝરર શ્રી જગતભાઈ પટેલે આભાર પ્રગટ કર્યો હતો. જોગાનુજોગ આ દિવસે આપણા સુરત મોડ્યુલના ડીજીએસ શ્રી આર. આર. દેસાઈનો જન્મ દિવસ હોઈ તમામ હોદ્દેદારો અને કમિટી મેમ્બરોએ કેક કાપીને જન્મ દિવસની ઉજવણી કરી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન-ગાંધીનગર મોડ્યુલની ઓફિસનું ઉદ્‌ઘાટન





તા. ૧૬-૧૦-૨૦૨૩ના રોજ એસબીઆઇ ગાંધીનગર મોડ્યુલના ડીજીએમ શ્રી દેબેન્દ્ર સાહુ સાહેબના વરદ હસ્તે રિબીન કાપીને ગાંધીનગર મોડ્યુલની ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે એજીએમ શ્રી પંકજકુમાર, સીએમ(એચ.આર) એસબીઆઇ એમ્પ્લોઇઝ યુનિયન-ગાંધીનગર મોડ્યુલના ડીજીએસ શ્રી બી. જી. સક્સેના, પેન્શનર્સ એસોસીએશનના હોદ્દેદારો શ્રી કમાલ કાદરી-જનરલ સેક્રેટરી, શ્રી પી.જી. પારઘી-ઉપપ્રમુખ, જોઇન્ટ જનરલ સેક્રેટરી-સર્વશ્રી ગુણવંતભાઇ પટેલ, કાન્તીલાલ પરમાર,




રમણલાલ વાઘેલા, સંગઠન મંત્રીશ્રી કે.વી. શાહ, ગાંધીનગર મોડ્યુલના ડીજીએસ શ્રી વસ્તાભાઇ વણકર, કમિટી મેમ્બર્સ સર્વશ્રી અરવિંદ બથવાર, અંબરીશ હાથી, સુભાષભાઇ પટેલ, શૈલેશભાઇ જોશી, પ્રવિણભાઇ વૈદ્ય અને બહોળી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો હાજર રહ્યાં. ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે સભ્યોમાં આનંદ અને ઉત્સાહનું મોજું પ્રતિત થતું હતું અને વાતાવરણને સુત્રોચ્ચારથી ગજવી મુક્યું હતું. નવી ઓફિસ ફાળવવા બદલ જનરલ સેક્રેટરીશ્રીએ મેનેજમેન્ટનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો. ગાંધીનગર સ્થિત મિત્રોને શુભકામનાઓ પાઠવી.

## Achievement







**FIFA Award-2023** of documenty film is awaded to film **"Gujrari Bazar".** Complement to Shri **Shailesh Thakkar** Director of Film & his team for worderful Achievement.

### પેન્શનરોને ઉપયોગી માહિતી સમયસર મેળવવા માટે

દરેક પેન્શનર મિત્રોને જણાવવાનું કે પેન્શનર્સ એસોસીએશનના **મોબાઇલ નંબર ૯૯૯૮૨ ૬૫૧૫૮** આપના મોબાઇલમાં સેવ કરશો. તેની લીંક તા. ૦૧-૧૧-૨૦૨૩ થી ૦૫-૧૧-૨૦૨૩ દરમ્યાન મોકલવામાં આવશે તેને એક્સેપ્ટ કરવી. જેથી કરીને પેન્શનર્સ એસોસીએશનની માહિતી આપને સમયસર મળી શકે.

| Name (Donation of Birth Day) | Centre | Rs. |
|---|---|---|
| TARUNKUMAR N. PANDYA | AHMEDABAD | 5000 |
| ANIL BAPULAL PANCHAL | AHMEDABAD | 500 |
| SHUSHILA DURGASINGH SONI (Sub Staff) | AHMEDABAD | 500 |
| NANDUBHAI S. VAGHELA | AHMEDABAD | 500 |
| **DONATION-OTHER** | | |
| JETHALAL VADUKAR | KESHOD | 1000 |

## પેન્શનર્સ મીટ





એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન જુનાગઢ-ગીર સોમનાથ યુનિટ દ્વારા અને એસબીઆઈ રીઝીયોનલ ઓફિસ-જુનાગઢની તા. ૯-૧૦-૨૦૨૩ના રોજ જુનાગઢ ખાતે પેન્શનર્સ મીટ યોજાઈ. આ મિટીંગમાં સ્થાનિક, સર્કલ અને રાષ્ટ્રીય લેવલે ચાલતી ગતિવિધિ તેમજ વર્તમાન પ્રવાહ વિશે માહિતી આપવામાં આવી હતી. આ મિટીંગમાં એસોસીએશનના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી તેમજ બેન્કના આસી. જનરલ મેનેજર શ્રી મુકુલકુમાર મન્ના વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. ઉપરાંત ઉપપ્રમુખશ્રી ચિંતક પટેલ, પી. જી. પારઘી, જો. જનરલ સેક્રેટરી શ્રી રમણભાઈ વાઘેલા, કમિટી મેમ્બર સર્વશ્રી આર. કૃષ્ણમૂર્તિ, બિપીન નિર્મળ, મુકેશ કારીયા, બહોળી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. દાંપત્ય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનારા નિવૃત્ત સભ્યોનું તેમજ જીવનના સફળ સાત દાયકા પૂર્ણ કરનારા નિવૃત્ત ૭૦ વર્ષના વડીલનું ભાવસભર સન્માન કરવામાં આવ્યું હતું.





## માહે સપ્ટેમ્બર માસની મંથલી મિટીંગ








એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન **અમદાવાદ સર્કલ દ્વારા અમદાવાદ ખાતે તા. ૨૦-૦૯-૨૦૨૩ના રોજ એસબીઆઈ-એલએચઓ** ખાતે મંથલી મિટીંગ યોજાઇ ગઇ. તેમાં સુખી અને આનંદીત જીવન જીવવાની કળા ઉપર અમદાવાદની **મૈરીંગો સીમ્સ હોસ્પીટલ-અમદાવાદના નામાંકિત કાર્ડીયોલોજીસ્ટ ડો. વિપુલ કપૂર** દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પેન્શનર્સ પરિવારના સભ્યોના મુંઝવતા પ્રશ્નોના સચોટ પ્રત્યુત્તર આપ્યા હતા. જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ ડોક્ટર વિપુલ કપુરનો આભાર વ્યક્ત કર્યો હતો. પેન્શનર્સ એસોસીએશનના હોદ્દેદારો સર્વશ્રી ચિંતક પટેલ, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, રવિ સોલંકી, અંબરીશ હાથી, એ. કે. બથવાર, આર. વી. મકવાણા, દિનાઝબેન કલવચવાલા તથા સિમ્સ હોસ્પિટલના શ્રી જિજ્ઞેશભાઈ તેમજ મોટી સંખ્યામાં પેન્શનર્સ ઉપસ્થિત રહ્યા હતા.

### લાઈફ સર્ટીફીકેટ માટે સહાય કરવા અમો તત્પર છીએ... અમદાવાદ શહેર માટે

આપ જાણો જ છો કે તા. ૦૧-૧૧-૨૦૨૩થી "ટાઈગર અભી જીન્દા હૈં"ના આધારે લાઈફ સર્ટીફીકેટ આપવું જરૂરી હોઈ બધા મિત્રોને પોતાની પેન્શન પેઈંગ શાખામાં જઈને લાઈફ સર્ટીફીકેટ રજુ કરી દેવું. તેમ છતાં જો કોઈ પણ મિત્રને આ અંગે કોઈપણ તકલીફ પડે તો અમોએ આપની સહાય અર્થે નીચે મુજબની વ્યવસ્થા કરેલ છે.

**તા. ૧-૧૧-૨૦૨૩ થી ૫-૧૧-૨૦૨૩ સમય : બપોરે ૧.૦૦ થી ૫.૦૦ દરમ્યાન**

**(૧) અમદાવાદ એડમિન ઓફિસ, સ્ટાફ કેન્ટીન :** શ્રી પી. જી. પારઘી, શ્રી રવી સોલંકી

**(૨) અમદાવાદ મુખ્ય શાખા, લાલદરવાજા** : શ્રી કાન્તીલાલ પરમાર, શ્રી ગુણવંત પટેલ,

નીચેની શાખાઓમાં અમારા **વોલિન્ટીયર્સ** ઉપસ્થિત હશે તેઓ પણ લાઈફ સર્ટીફીકેટ ફોર્મ કલેક્ટ કરશે.

**મણીનગર (પુનિત આશ્રમ) :** શ્રી મહેન્દ્ર ચૌહાણ, શ્રી ડી. કે. દલાલ

**સીવીલ હોસ્પિટલ:** શ્રી પી. વી. સોલંકી, શ્રી વી. ડી. પરમાર

**નારણપુરા :** શ્રી અંબરીશ હાથી, શ્રી રાજુ શાહ

**માણેકબાગ :** શ્રી ક્રિષ્નામૂર્તિ, શ્રી એ. કે. બથવાર

**આનંદનગર :** શ્રી રમણભાઈ વાઘેલા, શ્રી સુભાષ પટેલ

**પ્રભાત સોસાયટી :** શ્રી કે. એન. મહેતા, શ્રી કે. બી. પટેલ

# પેન્શનર્સ મીટ








એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન **પોરબંદર** યુનિટ દ્વારા પેન્શનર્સ પરિવારના સભ્યો માટે હળોમળો અને મોજ માણો હેતુસર યજ્ઞદેવની આરાધના અને વડીલોના અભિવાદન સાથે સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો. યજ્ઞનારાયણના યજમાન પદે શ્રી એમ. બી. ગોસાઈ સાથે તમામ સભ્યોએ આહુતિ આપેલ. આ મિટીંગમાં પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, ઉપપ્રમુખ શ્રી ચિંતક પટેલ, જો. જનરલ સેક્રેટરી શ્રી રમણભાઈ વાઘેલા, એજીએમ શ્રી રામાણી સાહેબ તથા કારોબારી સભ્ય શ્રી મહેન્દ્રભાઈ લાખાણી, સહયોગી શ્રી એમ. ઓ. ઝાલા ઉપરાંત બહોળા પ્રમાણમાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી કમાલ કાદરીએ પ્રસંગોચિત્ ઉદ્‌બોધનમાં મેડિકલ પોલિસી, ડિસેબલ ચાઈલ્ડનું નોમિનેશન, એચઆરએમએસ, પેન્શન અપડેશન, પી.એફ. મેડિકલ, ક્રિટીકલ ઈલનેસ, ઉપરાંત આપણી માતૃસંસ્થા એસબીઆઈના વિકાસમાં યોગદાન આપવાની અપીલ કરી. શ્રી બિપીનભાઈ ભટ્ટનું એમણે પ્રદાન કરેલ સેવા બદલ સન્માન કરવામાં આવ્યું. એજીએમશ્રી રામાણી સાહેબે સંપૂર્ણ સહયોગ આપવાની પેન્શનર્સ એસોસીએશનને ખાત્રી આપી.



**ઉપલેટા** : ચાલો હળીએ મળીએ અને સુખદુઃખના ભાગીદાર બની સૌની સેહત માટે એકબીજાને મદદરૂપ બનીએ એ ભાવનાથી તા. ૦૮-૧૦-૨૦૨૩ના રોજ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન રાજકોટ યુનિટ દ્વારા ઉપલેટા ખાતે મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્ટર્લીંગ હોસ્પિટલના ડોક્ટર શ્રી દર્શનભાઈ પટેલના ધર્મપત્ની ડો. પ્રસન્ના મેડમે પેન્શનરો સાથે સંવાદ કર્યો હતો. સ્વાસ્થ્યનું મહત્વ, નિરોગી રહેવા માટેના સુચનો અને અમલમાં મુકી શકાય તેવી જાણકારી આપી મુંઝવતા પ્રશ્નોના સચોટ પ્રત્યુત્તર આપ્યા હતા. આ પ્રસંગે ડીજીએસ શ્રી શરદચંદ્ર દવે, આરબીઓ-૬ના મુખ્ય પ્રબંધક શ્રી ઉમાશંકર સાહેબ, એસબીઆઈ જનરલના પ્રતિનિધિ શ્રી અનિલભાઈ, ઉપરાંત શ્રી મહેતા સાહેબ, શ્રી મેઘપરાભાઈ, શ્રી મોરી સાહેબ, શ્રી સુરેશભાઈ ડેડકીયા સાહેબ, શ્રી માંગરોળીયા સાહેબ, શ્રી મકવાણા સાહેબ, શ્રી કણ સાગરા સાહેબ તથા મોટી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમને પાર પાડવામાં સદાય રચનાત્મક પ્રકૃતિ ધરાવતા શ્રી વિનોદભાઈ રાજાને દિલથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.



## IMPORTANT MESSAGE

Corporate Centre - HR Department decided to conduct every month 1st & 3rd Saturday of every month as Pensioner Griveance.

Settlement Telephonic Calliing Day from 4.00 pm to 6.00 pm. Prior registration of complain with PS to CDO compulsary.

All members are requested to register their grievance with PS to CDO Shri Samir Karia on his

**Landline No. 079-25506414.**

Committee comprising of Deputy General Manager & CDO, AGM (P&HR), AGM (PPG) and CM (IR) will call you on your mobile regarding your grievance between 4.00 pm to 6.00 pm.


અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ અને
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
DR. TEJAS GANDHI
M.S.ORTHO (Gold Medalist)
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
PIONEER IN M.I.C.RO KNEE SURGEON
FELLOWSHIP SGH Hospital, Singapore, Oxford University, UK
પ્રીમિયમ સાંધા
ગોલ્ડન સાંધા
ઓક્સિનિયમ સાંધા
સિરામીક સાંધા
૧૫,૦૦૦ થી પણ વધુ
ઘૂંટણ તથા થાપાના સફળ ઓપરેશન
PARTIAL KNEE REPLACEMENT
(UNICONDYLAR KNEE REPLACEMENT)
BENEFITS
•કુદરતી સાંધા નો બચાવ
•સાવ નાના ચેકા દ્વારા ઓપરેશન
•કુદરતી જીવનની અનુભુતી તેમજ લાંબા સમય માટે ટકાઉ
•ફક્ત ૨ દિવસ હોસ્પિટલ રોકાણ
DIRECTOR & HOD
Care & Cure Hospital, Maninagar
Khyati Multispecialist Hospital, SG Highway, Ahmedabad
SBI Pensioner માટે સંપૂર્ણ કેશલેસ સુવિધા ઉપલબ્ધ ફ્રિ કન્સલટેશન ફ્રિ એક્સરે
વધુ માહિતી માટે સંપર્ક કરો અમિત પટેલ ૭૫૭૨૯૩૬૧૯૦ ૮૨૩૮૧૩૬૧૯૦
અરિહંત હોસ્પિટલ ઉપનિષદ ૨૦૨/૨૦૩,સેકન્ડ ફ્લોર,
અંડર શ્રેયશ ક્રોસિંગ ફ્લાયઓવર બ્રિજ,
માણેકબાગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ , ગુજરાત
www.drtejasgandhi.com


આંખોની શ્રેષ્ઠ સંભાળ એટલે
તેજ આઈ સેન્ટર
TEJ EYE
CENTER
THE EYE HOSPITAL
SBI, eSBI પેન્શનર્સ અને તેમના Spouse ને નિ:શુલ્ક કન્સલટેશન
તેમજ સંપૂર્ણ કેશલેસ સુવિધા ઉપલબ્ધ
અનુભવી
નિષ્ણાત ની ટીમ
આધુનિક ટેકનોલોજી
અને સુવિધા
આંખની તમામ સારવાર
એક જ છત નીચે
અમારી સેવાઓ
મોતિયા
ઝામર
રેટિના
ડાયાબિટીક રેટિનોપેથી
લેસિક (ચશ્માં ના નંબર ઉતારવાની સર્જરી)
કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ
ડ્રાય આઈની સંભાળ
બાળકો ના આંખો ની સારવાર
દરેક પ્રકાર ના આંખો ની સારવાર
અમદાવાદની શ્રેષ્ઠ
આંખની હોસ્પિટલ
TOI હેલ્થ સર્વે
૨૦ વર્ષમાં
૫ લાખથી પણ વધુ
લોકોનો વિશ્વાસ
૫૦,૦૦૦ થી વધુ
સફળ મોતિયાના
ઓપરેશન
Google
4.8
એપોઈન્મેન્ટ બુક કરવા માટે
77780 57500
www.tejeyecenter.com
ગાંધીનગર
વિજય ચાર રસ્તા
ચાંદખેડા
મોડાસા
Follow us


(JCI) USA
Marengo CIMS Hospital
ACC
International
Centers Of Excellence
સાંભળો વાત
દિલની
—કરો નિષ્ણાતો પર વિશ્વાસ—
ભારતની સૌથી મોટી અને નિષ્ણાત હાર્ટ કેર ટીમમાંની એક
પ્રથમ હરોળ ડાબે થી જમણે : ડૉ. વિપુલ આહિર | ધન્વતા ધોળકિયા | ડૉ. ચિંતન શેઠ | ડૉ. નિરેન ભાવસાર | ડૉ. નિકુંજ વ્યાસ | ડૉ. શૌનક શાહ | ડૉ. ધીરેન શાહ
ડૉ. ધવલ નાયક | ડૉ. અમિત ચંદન | ડૉ. પ્રણવ મોદી | ડૉ. કિશોર ગુપ્તા | ડૉ. હિરેન ધોળકિયા | ઉલ્હાસ પઢિયાર | આકાશ રાજાવત | ડૉ. ગુણવંત પટેલ
બીજી હરોળ ડાબે થી જમણે : ડૉ. તેજશ વી. પટેલ | ડૉ. સત્યા ગુપ્તા | ડૉ. ઉર્મિલ શાહ | ડૉ. અનિશ ચંદારાણા | ડૉ. કેયૂર પરીખ | ડૉ. મિલન ચગ
ડૉ. અજય નાઈક | ડૉ. હેમાંગ બક્ષી | ડૉ. હિરેન કેવડીયા | ડૉ. વિપુલ કપૂર | ડૉ. કશ્યપ શેઠ
SBI પેન્શનર્સ એશોસિયેશન ના સભ્યો માટે ખાસ ઓપીડી ડિસ્કાઉન્ટ*
25%* ડિસ્કાઉન્ટ
કન્સલટેશન
(SBIના ચાર્જ પર)
20%* ડિસ્કાઉન્ટ
ડાયગ્નોસ્ટીક
(હોસ્પિટલના ચાર્જ પર)
10%* ડિસ્કાઉન્ટ
ફાર્મસી
ડિસ્કાઉન્ટ ઓફર ઓગસ્ટ ૩૧, ૨૦૨૩ સુધી માન્ય. | SBI નું ઓળખકાર્ડ સાથે લાવવું જરૂરી
મૅરિંગો સિમ્સ હોસ્પિટલ
ઓફ. સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060
Email : info@cims.org | www.cims.org
JCI (USA)
NABH
અપોઈન્ટમેન્ટ માટે ફોન
1800-309-9999
TIME - 9:00 AM - 7:00 PM (MON TO SAT)


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો,
આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરોઃ 1800 11 2018 | અહીં મુલાકાત કરોઃ homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે
અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફૉલો કરો

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
|---|---|---|
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ય, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦
એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમયઃ સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિઃસ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ રક્ષા ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** નવેમ્બર માસની મંથલી મિટીંગ તા. ૨૨/૧૧/૨૦૨૩ના રોજ દિવાળીના હિસાબે ચોથા બુધવારે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લોકલ હેડ ઓફિસ, ભદ્ર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**પેન્શનર્સ પ્રકાશ ● વર્ષ - ૧૬ ● અંક : ૧૦ ● પ્રકાશન તા. ૨૬-૧૦-૨૦૨૩**

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

**Editor : Kamal Kadri** **Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel**

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫